તારીખ. નવેમ્બેર **17, 2017**

સોવર્રીન સુવર્ણ બોન્ડ યોજના **2017-2018** શ્રેણી **- IX-** ઇસ્યુ ભાવ

ભારત સરકારના સુચનાપત્ર **F No. 4(25)-B/(W&M)/2017** અને આર.બી.આઈ ના તારીખ ઓક્ટોબર **06, 2017** ના પરિપત્ર **IDMD.CDD No.929/14.04.050/2017-18** ની શરતો અનુસાર સોવર્રીન સુવર્ણ બોન્ડ યોજના ઓક્ટોબર **09, 2017** થી શરૂ કરીને ડીસેમ્બર **27, 2017** સુધી દરેક સપ્તાહના સોમવાર થી બુધવાર ભરણા માટે ખુલ્લું રહેશે. જે તે સપ્તાહ દરમિયાન મળેલી અરજીઓ ની પતાવટ, તે સંબીધિત, સપ્તાહના પછીના પ્રથમ વ્યવસાયિક દિવસે કરવામાં આવશે.

નવેમ્બેર **20, 2017**થી નવેમ્બેર **22, 2017**ના ભરણાની મુદત્ માટે, કે જેની પતાવટ ની તારીખ નવેમ્બેર **27, 2017** છે અને બોન્ડ નું નામાંકિત મૂલ્ય, જે બંધ ભાવની [ જે ધી ઇન્ડિયા બુલિયન જ્વેલર્સ એસોસિએશન લિમિટેડ **(IBJA)** દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ] અને અગાઉના સપ્તાહના ભરણાના સમય ગાળા ના છેલ્લા ત્રણ કારોબારી દિવસો એટલે કે નવેમ્બેર **15, 2017** થી નવેમ્બેર **17, 2017** ની સાદી સરેરાશ ને આધારિત અને સુવર્ણની **999** શુદ્ધતા આધારિત હોય છે, જે ₹. **2964**/- (રૂપિયા બે હજાર નવસો ચોસઠ પુરા) પ્રતિ ગ્રામ આવે છે.

ભારત સરકારે ભારતીય રીઝર્વ બેંક સાથે પરામર્શ કરીને જે રોકાણકારો ઓનલાઈન અરજી કરે અને જો અરજી સામે ની ચુકવણી ડીજીટલ મોડ થી કરે તો તેમને બોન્ડના નામાંકિત મૂલ્ય પર ₹. **50/-** ની છૂટ આપવાનું નક્કી કરેલ છે. અને આવા રોકાણકારોમાટે સુવર્ણ બોન્ડ નો ઇસ્યુ ભાવ ₹. **2914**/- (રૂપિયા બે હજાર નવસો ચૌદ પુરા) પ્રતિ ગ્રામ રહેશે.

અજીત પ્રસાદ

પ્રેસ પ્રકાશન- **2017-2018/1379**

સહાયક સલાહકાર